આપણું પોતાનું અખબાર

ભગવાન તો આનંદ સ્વરૂપ છે... તમારા વાણી વર્તન એવા બનાવો કે બધે આનંદ પ્રવર્તે
- એસ. ભટ્ટાચાર્ય

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૮ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૫, રવિવાર ; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સ્વાઈન ફલુનો વધુ એક કેસ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ ગામમાંથી આજે સ્વાઈન ફલુનો પોઝીટીવ કેસ મળી આવતાં ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

૫૦ વર્ષીય પુરુષ દર્દીને સારવાર માટે ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ કેસ સાથે જિલ્લામાં ચાલુ વર્ષે સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ચાર પર પહોંચી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ આ દર્દીની સ્થિતિ સારી છે. તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરીના આદેશો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને લઈ તંત્ર હરકતમાં આવી ગયું છે. આ રોગને લઈ જનજાગૃતિ અભિયાન ટુંકમાં જ શરુ કરાશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ વખતે જિલ્લામાં નોંધાયેલા ચારેય કેસ ૫૦થી વધુ વય ધરાવતા નોંધાયા છે જે નોંધનીય છે. જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફુલના કેસો ને લઈ ચિંતિત બનેલા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રોગ પ્રતિકારક શકિત ઘટી રહી છે તેવા મોટા આયુના લોકો શિકાર બની રહ્યા છે. સામાન્યતઃ આ રોગ માટે ૫ વર્ષથી નીચેની આયુના બાળકો સૌથી વધુ ભયજનક ગણાય છે. આ ઉપરાંત ડાયાબીટીસ કે હાર્ટના પેશેન્ટ હોય તેવા દર્દીઓ માટે આ રોગ થવાની શકયતાઓ વધુ હોય છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

માર્ગ રમત : ગાંધીનગરની પ્રિ-પ્રાયમરી શાળાઓમાં આજકાલ રમતોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો દોર આરંભાયો છે. નાના-નાના ભૂલંકાઓ અવનવી રમતોમાં પોતાની શક્તિની કેળવી રહ્યા છે. ધ્યાન, ધ્યેય અને ધગશના મંત્ર સાથે રમાતી આ રમતો બાળકોના કૌશલ્યનો વિકાસ કરે છે. ગાંધીનગર કિડ્સઝી સ્કૂલના બાળકોની આ રમતે વાલીઓના મન મોહી લીધા હતા.

# રેલવે સ્ટેશનને પબ્લિક પાર્ટનરશીપથી વિકસાવાશે

## કેન્દ્રીય રેલવે મંત્રી મુખ્યમંત્રીને મળ્યા આ મામલે વિચાર વિમર્શ કરી : સુરતની જેમ કેપીટલ સ્ટેશનને વિકસાવવા પણ ગતિવિધિઓ હાથ ધરાશે : આગામી રેલબજેટમાં પણ ગાંધીનગરના પ્રોજેક્ટમાં નવી ટ્રેનો આવે તેવી સંભાવના

ગાંધીનગર, તા. ૩૧

કેપિટલ સ્ટેશનને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના કન્સેપ્ટથી વિકસાવવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. કેન્દ્રીય રેલવે મંત્રીએ આજે મુખ્યમંત્રીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન સુરત રેલવે સ્ટેશનની જેમ ગાંધીનગર સ્ટેશનને પણ પબ્લીક પાર્ટનરશીપ મુજબ વિકસાવવા તેમણે ચર્ચા-વિમર્શ કરી હતી. ગાંધીનગર સહીત ગુજરાતને નવી ટ્રેઈનો ફાળવવા પણ મુખ્યમંત્રીએ દરખાસ્ત કરી છે. ત્યારે આગામી રેલવે બજેટમાં ગાંધીનગર સ્ટેશનના ટ્રેક પર નવી ટ્રેઈનો ફાળવવાની જાહેરાત થાય તેવી પણ પ્રબળ સંભાવના છે.

કેપિટલ સ્ટેશનનુ અસ્તિત્વ ઉભુ કરવા કરોડો રૂપિયાનો ખર્ચ



થયો છે. હાલની સ્થિતિએ સ્ટેશન પરથી રોજ ચાર ટ્રેઈનો અવર-જવર કરી રહી છે. જેના પરિણામે સ્ટેશનનું દિલ્હી, મુંબઈ, ઈન્દોર સહીતના મોટા સેન્ટરો સાથે જોડાણ થયું છે. બીજીતરફ દાયકાઓના અંતે પણ ગાંધીનગરને કેપીટલ સ્ટેશનને અનુરૂપ સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. સ્ટેશન પર યાત્રિકોલક્ષી સુવિધાઓના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. મહાત્મા મંદિરનો પ્રોજેક્ટ અસ્તિત્વમાં આવ્યા બાદ રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ ભુલભુલૈયા સમાન બન્યો છે. જ્યારે દર રેલવે બજેટમાં પણ રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવણીના મુદ્દે પણ ઠેંગો દેખાડી દેવાતા નગરજનો સહીત નગરની સેવાભાવી સંસ્થાઓમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે.

કેન્દ્રમાં ભાજપની સરકાર સત્તા પર આવ્યા બાદ કેપીટલ સ્ટેશનને સ્થાન મળશે તેવો આશાવાદ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં ગાંધીનગર સહીત ગુજરાતને નવી ટ્રેઈન સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ રેલમંત્રાલયને દરખાસ્ત કરી છે. કેન્દ્રીય રેલવે મંત્રી સુરેશ પ્રભુ આજે ગુજરાતની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીને મળ્યા હતા. આ દરમિયાન તેમણે ગાંધીનગર સ્ટેશનને પણ સુરતની જેમ પબ્લીક ગવર્નર પાર્ટનરશીપ મુજબ વિકસાવવા ચર્ચા-વિમર્શ કરી હતી. આવા સંજોગોમાં આગામી સંજોગોમાં ગાંધીનગર સ્ટેશનના વિકાસની સાથે ટ્રેક પર નવી ટ્રેઈનો દોડતી થાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે. જ્યારે આગામી રેલવે બજેટમાં પણ ગાંધીનગર સ્ટેશનના પ્રોજેક્ટમાં નવી ટ્રેઈનો આવે તેવા નિર્દેશો પણ સાંપડી રહ્યા છે.

# બેંકોએ ધિરાણ માટેની નકારાત્મકતા છોડવી જોઈએ : આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૩૧

સ્વરોજગાર સહાયની લોન મંજૂર કરવામાં બેંકો નકારાત્મક વલણ છોડે અને વિકાસ માટે તત્પર યુવાનોને પ્રોત્સાહન આપે તેવો આગ્રહ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કર્યો હતો.

નાબાર્ડના વાર્ષિક ધિરાણ પ્લાનને જાહેર કરવા માટે યોજાયેલ ઉચ્ચ સ્તરીય બેઠકમાં તેમણે કહ્યું કે અરજદારોની અરજીના નિકાલમાં રાજ્યનું તંત્ર સંપૂર્ણ સહયોગ આપવા આતુર છે પરંતુ નકારાત્મક્તા છોડવા બેંકો તૈયાર નથી તે દુઃખદ છે.

નાબાર્ડે રાજ્યમાં ૨૦૧૫-૧૬ના વર્ષ માટે રૂ. ૫૬.૮૬૨ કરોડના કૃષિ ધિરાણ માટેની સંભવિત યોજના બનાવી છે જે પાછલા વર્ષ કરતા ૨૯ ટકા વધારે છે. આ સ્ટેટ ફોક્સ પેપર ૨૦૧૫-૧૬નું સ્ટેટ ક્રિડિટ સેમિનારના દિવસે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વિમોચન કર્યુ હતું. સ્ટેટ ક્રેડિટ સેમિનાર ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાયો હતો. રાજ્યની બધી બેંક, નાબાર્ડે વ્યક્ત કરેલી ધિરાણની સંભાવનાને અનુલક્ષીને પોતાની ધિરાણ નીતિ બનાવે છે.

સેમિનારને સંબોધતા મુખ્યમંત્રીએ કૃષિ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓ અને પ્રયત્નોને ઉલેખ્યાં હતાં. તેઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ખૂબ જ મોટા પાયે સિંચાઈ ક્ષેત્રે, જમીન સુધારણા ક્ષેત્રે, કૃષિ વિસ્તરણ વગેરેમાં રોકાણ કર્યુ છે. તેમણે બધી બેંકો જોડેથી પણ આશા રાખી હતી કે તેઓ

● અનુસંધાન પાના - ૭ પર

# અડાલજમાં ૨૪ રાઉન્ડ ગોળીબાર

## અડાલજમાં ઢોર ચરાવવાના મામલે નજીવી ચડસા ચડસીમાં મામલો બીચક્યો : મોડી સાંજે ધીગાણું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના અડાલજ ખાતે ખેતરમાં ઢોર ચરાવવાના મામલે રબારી અને ઠાકોર કોમ વચ્ચે ધીંગાણું સર્જાતા પોલીસે રાત્રે ૨૪ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો.

મોડી સાંજે તોફાને ચડેલા બંને જ્ઞાતિઓના ટોળાંએ પોલીસની ગાડીઓ પર પણ ભારે પથ્થરમારો કરી તોડફોડ સર્જી હતી. ગોળીબાર અને પથ્થરમારામાં સામસામે બંને પક્ષે ઈજાઓ થઈ છે. પોલીસકર્મીઓ પણ ઈજાગ્રસ્ત થયા છે. આ લખાય છે ત્યાં સુધી પરિસ્થિતિ તંગદીલી ભરી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબુ લઈ રહ્યા છે.


**૧ થી ૩૦ સેક્ટર માટે**
**LED TV, LCD TV, Colour TV**
રીપેરીંગ માટે ફોન કરો
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com





